૭

કરીને

S. J. & E. DEPTT.
13 JAN 2014
IWDMS No. 38294

NSAP યોજના હેઠળ Direct Benefit Transfer યોજનાના અમલ માટે રાજ્ય કક્ષાની સપોર્ટ સીસ્ટમ યુનિટની રચના કરવા તથા નવી જગ્યાઓ ઉભી કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક :- એનએસપી/૧૦૨૦૧૩/૫૬૪૯૮૫/છ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૦ /૧/૨૦૧૪.

વંચાણે લીધા :-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની તા.૧૩/૮/૨૦૧૩ની નોંધથી રજુ કરેલ સીંગલ ફાઈલ.

__ઠરાવ :-__

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયની વિવિધ યોજનાઓ અંતર્ગત રાષ્ટ્રીય સામાજીક સહાય યોજના (N.S.A.P.) ચાલે છે. આ યોજના હેઠળ આ વિભાગ હસ્તક

(૧) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના

(૨) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના અને

(3) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજના ચાલે છે. આ યોજના હેઠળ દર માસે લાભાર્થીઓના બેંક ખાતામાં સહાય જમા કરાવવા માટે સી.પી.એસ.એમ.એસ. કાર્યક્રમ હેઠળ નિયમિતપણે સહાય જમા થાય તે માટે રાજ્ય કક્ષાની મોનીટરીંગ સીસ્ટમ ગોઠવવી ખૂબ જરૂરી છે. જેથી સહાય મેળવતા તમામ લાભાર્થીઓની ભારત સરકારની આ અંગેની વેબ સાઈટ ઉપર ઓનલાઈન એંટ્રી થાય, મૃત્યુ કે અન્ય કારણોસર સહાય બંધ થાય તો તરત જ લાભાર્થીનું નામ કમી થાય, નવા લાભાર્થીઓના નામ ઉમેરાય, સહાય ચુકવવા માટે બેંક સાથે સીધા પરામર્શમાં રહી ઓનલાઈન બેંકીંગ સીસ્ટમ મુજબ રકમ જમા થાય

તેમજ લાભાર્થીઓની યાદી સતત અદ્યતન થતી રહે તે માટે આ ક્ષેત્રના ગુણવત્તા સભર ટેકનીકલ જાણકાર અધિકારી / કર્મચારીઓ સહિતની રાજ્ય કક્ષાએ સપોર્ટ સીસ્ટમ યુનિટની એક કચેરી શરૂ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

જે અન્વયે નીચે દર્શાવ્યા મુજબની ૧૧ માસ માટે કરાર આધારિત ફીક્સ પગારવાળી નીચેની જગ્યાઓ મંજુર કરવામાં આવે છે :-

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | ફીક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| ૧ | સીનીયર ટેકનીકલ કન્સલ્ટન્ટ | ૦૧ | રૂ.30,000/- માસિક |
| ૨ | ઝૉનલ ટેકનીકલ કન્સલ્ટન્ટ | ૦૫ | રૂ.૨૦,૦૦૦/- માસિક |
| 3 | કોમ્પ્યુટર ઓપરેટર | ૨૮ | નિયત એજન્સી ધ્વારા આઉટસોર્સથી |
| ૪ | પટાવાળા | ૦૧ | નિયત એજન્સી ધ્વારા આઉટસોર્સથી |

ઉપરોક્ત કચેરી તથા જગ્યાઓ નીચેની શરતોને આધિન મંજુર કરવામાં આવે છે :-

(૧) આ અંગેનો તમામ ખર્ચ NSAP યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળતી ગ્રાંટની કુલ રકમ પૈકીમાંથી 3% ના વહીવટી ખર્ચની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) કરારીય કર્મચારીઓની નિમણૂંક ૧૧ માસના ધોરણે કરાર આધારિત પ્રવર્તમાન હુકમો, શરતો અને સૂચનાઓ મુજબ કરવાની રહેશે.

(૩) કરારીય કર્મચારીઓને માસિક ધોરણે ઉપર દર્શાવ્યા મુજબનું ફીક્સ વેતન જ ચૂકવવાનું રહેશે.

(૪) ૧૧ માસના કરારનો સમય પૂર્ણ થયા બાદ તેઓની નિમણૂંકનો અંત લાવવાનો રહેશે, તે બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જાતે કાળજી રાખવાની રહેશે.

(૫) ઉપરોક્ત તમામ નિમણૂંકો સરકારશ્રી ધ્વારા માન્ય ભરતી પધ્ધતિથી કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૩/૧/૨૦૧૪ અંતિત નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એલ.ઝાલા)
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
બ્લોક નં.-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, સામાજીક અને શૈ.પછાત વર્ગોનું કલ્યાણ, સચિ..ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) વિકલાંગ વ્યક્તિઓમાટેના કમિ.શ્રી,બ્લોક નં.-૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૫) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,બ્લોક નં.-૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ,બ્લોક નં.-૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.-૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) સર્વે કલેકટરશ્રી, તમામ જિલ્લાઓ...આપના તાબાના તમામ મામલતદારશ્રીઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.

(૯) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૧૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૧૧) સર્વે હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૧૨) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૩) સે.અધિ.શ્રી, નાણા શાખા, (સા.ન્યા. અને અધિ.વિભાગ,) બ્લોક નં.-૧૪, ચોથો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) સે.અધિ.શ્રી, ઝ-૧/ શાખા, નાણા વિભાગ, બ્લોક નં.-૪, સચિવાલય, ગાંધીનગર.

(૧૫) સર્વે શાખાઓ, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૬) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર... વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૭) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

------ x ------